# કોંગ્રેસ આજે શિબિર યોજી શિક્ષણ ક્ષેત્રે સરકારની નિષ્ફળતાઓ છતી કરશે

ગાંધીનગર, તા. ૨૪

શિક્ષણમાં ગુજરાત સરકારની નિષ્ફળતાઓને છતી કરવા માટે આજે કોંગ્રેસ દ્વારા એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

સે-૧૭ની સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે પાંચ પૂર્વ શિક્ષણમંત્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર આ ચિંતન શિબિરનો વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા તથા પ્રદેશ પ્રમુખશ્રી મોઢવાડિયા પ્રારંભ કરાવશે.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતના પ્રવકતા નિમિષ શાહ જણાવે છે કે પ્રવર્તમાન ગુજરાત સરકાર સ્વ પ્રશસ્તિમાં રાચી રહી છે ત્યારે શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર ગણાતું ગુજરાત રાજય આજે શિક્ષણ ક્ષેત્રે ખુબ છેવાડાનું રાજય બની ગયું છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વડાપ્રધાનની આંધળી દોટમાં પરોવાયેલા છે ત્યારે ગુજરાતના યુવાનો અને યુવતીઓ મોટી સંખ્યામાં બેરોજગારીનો ભોગ બની રહ્યા છે. મેળાઓ, ફેસ્ટીવલ, કાર્નીવલ, ઉત્સવ, યાત્રા વગેરે નિરર્થક અને ગુજરાતની તિજોરી પર ભારણ પડતા ખર્ચાઓ કરી વર્તમાન ગુજરાત ભાજપ સરકાર શિક્ષણના દરેક ક્ષેત્રમાં બેદરકાર અને બેકાળજીભર્યું વલણ અખત્યાર કરી રહી છે. વર્તમાન કેન્દ્રની કોંગ્રેસ સરકાર શિક્ષણક્ષેત્ર ને સર્વવ્યાપી અને સ્વરોજગાર લક્ષી કાર્યક્રમોની સાથે વિપુલ પ્રમાણમાં ગ્રાન્ટ, લાભ અને સહાય ગુજરાત સરકારને પુરી પાડી રહી છે ત્યારે વર્તમાન ગુજરાત સરકાર આ મોટી રકમોની સહાયનો દુર ઉપયોગ કરી આવનારી પેઢીના ભાવી સાથે ચેડા કરી રહી છે.

ગુજરાત સરકારના આ દંભી ચહેરાને ખુલ્લો પાડવા તેમજ ગુજરાતની શિક્ષિત પ્રજાને શિક્ષણ ક્ષેત્રના પોતાના અધિકારો અંગે જાગૃત કરવાના શુભ સંકલ્પ સાથે ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટ મેમ્બર ડૉ. હિમાંશુ પટેલ, આંબેડકર ઓપન યુનિ.ના સિન્ડીકેટ મેમ્બરશ્રી જયરાજસિંહ પરમાર તેમજ પૂર્વ મેમ્બર ડૉ. મનિષ દોશી દ્વારા ગાંધીનગર શહેરની સ્ટાફ ટ્રેનિંગ કોલેજના હોલ ખાતે આવતીકાલે સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ સુધી ગુજરાતના પૂર્વ શિક્ષણ મંત્રીશ્રીઓ માનનીય શ્રી શકિતસિંહ ગોહિલ, શ્રી અરવિંદ સંઘવી શ્રી હસમુખ પટેલ, ડૉ. કરસનદાસ સોનેરી, શ્રી વિઠ્ઠલભાઈ શાહની ઉપસ્થિતિમાં ગુજરાતની કથળી ગયેલી શિક્ષણ પ્રથાના કારણે આવનારા દિવસોમાં સર્જાનારા ભયંકર પરીણામો પર પ્રકાશ પાડવાનું આયોજન કરવામાં આવેલું છે.

આ શૈક્ષણિક ચિંતન બેઠકમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સિન્ડીકેટ સભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા તેમજ બાપુ નોલેજ યુનિવર્સિટીના ચેરમેન માનનીયશ્રી શંકરસિંહ વાઘેલા સમગ્ર ગુજરાતમાંથી પધારનાર શિક્ષણવિદને પ્રસંગોચીત પ્રવચન આપી આ કાર્યક્રમને જનમાનસ સુધી પહોંચાડવાની હાકલ કરવાના છે. તેમજ ગુજરાતના પ્રબુદ્ધ શિક્ષણવિદ માનનીયશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ સમગ્ર ગુજરાતમાંથી ઉપસ્થિત ગુજરાતના શિક્ષણ ક્ષેત્રના હિતચિંતકો સાથે વાર્તાલાપ યોજી માહિતગાર કરવાના છે.

સમગ્ર ગુજરાતના શિક્ષણશાસ્ત્રીઓની ઉપસ્થિતિમાં યોજાનારા આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ સમગ્ર ગુજરાતના શિક્ષણ સાથે જોડાયેલા મહાનુભાવોને ઉપસ્થિત રહેવા માટે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું છે.

## વડીલોને વંદન અભિનંદન



મધુકર એફ. પરમાર
(૧૯૪૩) મો. ૯૬૨૪૧૩૧૩૭૫

## ધનસુરા તાલુકા ભાજપના હોદ્દેદારોની વરણી કરાઈ

ધનસુરા, તા. ૨૪

ધનસરા તાલુકા ભારતીય જનતા પાર્ટીના સંગઠન પ્રમુખ અનીલભાઈ પટેલ તેમજ જિલ્લા સંગઠનના પ્રમુખ પૃથ્વીરાજ પટેલની અનુમતીથી તાલુકા ભાજપ ઉપપ્રમુખ તરીકે ઈશ્વરભાઈ બારોટ, મહામંત્રી તરીકે રઘાભાઈ, મીડીયા સેલના પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ દાણી, ઉપપ્રમુખ તરીકે જીતેન્દ્ર પટેલ અને સિનિયર સિટિઝન સેલ ભાજપના પ્રમુખ તરીકે વસંતભાઈ મહેતાની નિમણુંક કરતા ભાજપના કાર્યકરોએ આવકાર સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

## વણકર સેવા સમાજ જોગ

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજવામાં આવનાર છે. જે સપ્ટેમ્બર ૨૦૧૩માં આયોજીત થનાર છે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨માં ૮૫ ટકા અને તેનાથી વધુ માર્કસ મેળવેલ હોય સ્નાતક માટે વર્ગ-૧માં પાસ થનાર, અનુસ્નાતક માં ૫૫ ટકા અને તેમાંથી વધુ માર્કસ મેળવેલ હોય તેમણે માર્કશીટની ઝેરોક્ષ નકલ પાછળ વિદ્યાર્થીનું નામ, સરનામું, ટેલીફોન નંબર, મોબાઈલ ફોનનો નંબર વગેરે માહિતી સંસ્થાના પ્રતિનિધિ દશરથલાલ પરમાર, પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી ગાંધીનગરને આગામી તારીખ ૩૧ ઓગષ્ટ સુધી પહોંચતી કરવી તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.





ડીસા તાલુકા પંચાયત ખાતે આવેલ ગોગા મહારાજના મંદિરમાં પ્રતિષ્ઠાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગોગા મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગ દરમિયાન સાક્ષાત નાગદેવતાનું મંદિરમાં આગમન થતા લોકો દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. તેવી લોકવાયકા છે. કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી ચંદુભાઈ ડગલા, બાંધકામ શાખાના અધિકારી લિમ્બાચીયા સહિત અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યો હતો. દર્શનાર્થે આવતી ધર્મપ્રેમી જનતા અને હવનમાં બેસનારા માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. (કાન્તિલાલ લોધા, ડિસા)

# દહેગામ શહેર કોંગ્રેસના મહામંત્રી રાકેશ રબારી ભા.જ.પ.માં જોડાયા

દહેગામ, તા. ૨૪

દહેગામ શહેર કોંગ્રેસના યુવા મહામંત્રી રાકેશભાઈ નારાયણભાઈ રબારી આજ-રોજ કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાઈ ગયા હતા. તેમની સાથે તેમના યુવાન ઉત્સાહી ટેકેદારો પણ ભારતીય જનતા પાર્ટીની વિચારધારાને અનુસરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે.

દહેગામ કોંગ્રેસના મહામંત્રી રાકેશભાઈ નારાયણભાઈ રબારી કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડી ભાજપ કાર્યાલય ખાતે આવી પહોંચી વિધિવત રીતે ભાજપમાં જોડાઈ જતાં આ પ્રસંગે ઉપસ્થિત શહેર ભાજપ પ્રમુખ બિમલભાઈ અમીન (બન્ટીભાઈ) મહામંત્રી નાગજીભાઈ રબારી, મનિષભાઈ શાહ, વિરોધ પક્ષના નેતા કમલેશભાઈ અમીન( બકાલાલ), મંડળના પૂર્વ પ્રમુખ મનસુખભાઈ પટેલ સિનિયર અગ્રણી દશરથભાઈ અમીન, વિજયભાઈ અમીન (બૈજુભાઈ) સુમેરૂ અમીન તાલુકા પ્રમુખ ચંદ્રેશભાઈ પટેલ, શશીકાન્ત અમીન, યોગેન્દ્રભાઈ શર્મા (ભીખાભાઈ), નિકુલભાઈ બારોટ, વિજયસિંહ રાઠોડ, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, મહાદેવભાઈ રબારી, દિનેશભાઈ પટેલ સહિતના કાર્યકર્તાઓએ તેમને આવકાર્યા હતા અને ત્યારબાદ શહેર પ્રમુખ બિમલભાઈ અમીનને જિલ્લા ભાજપના પ્રમુખ નૈનેશભાઈ શાહની અનુમતીથી ભાજપમાં જોડાનાર રાકેશભાઈ નારાયણ રબારીને દહેગામ શહેર યુવા મોરચાનું પ્રમુખ તરીકે વરણી જાહેર કરી હતી. જ્યારે મહામંત્રી તરીકે મૌલિક કિરણભાઈ દવેની વરણી કરવામાં આવી હતી.

આ શુભ પ્રસંગે રાકેશભાઈ રબારીએ જણાવ્યું હતું કે હાલ સમગ્ર દેશ મોંઘવારી, ભ્રષ્ટાચારથી અંધકાર તરફ ઘરકાવ થઈ રહ્યો છે ત્યારે સમગ્ર રાષ્ટ્રના મશીહા તરીકે નરેન્દ્ર મોદીથી પ્રભાવીત થઈ હું મારા અનેક કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાઈને નરેન્દ્ર મોદીના હાથ મજબુત કરવાની સાથે ભારતીય જનતા પાર્ટીને ટોચે લઈ જવા હંમેશા પ્રયત્નશીલ રહીશ.



ચ-રોડ પર ચ-૫ ફુવારા પાસે ગઈકાલે સવારે રસ્તા પર રખડતી ગાયને કારની જોરદાર ટક્કર વાગતા ગાય ત્યાં જ પડી ગઈ હતી. જોકે થોડીવાર બાદ બધું થાળે પડી ગયું હતું. પરંતુ આવા ગંભીર અકસ્માતમાં મોટી જાનહાની થઈ શકે છે. તંત્રએ રખડતા ઢોરને પકડવા જોઈએ. (તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ : ચોમાસુ ફરી સક્રિય થયું

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ નોંધાતા ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે. તો બીજી બાજુ હવામાન વિભાગ દ્વારા આગામી ૩૬ કલાક દરમ્યાન ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં છેલ્લા થોડા દિવસોથી વરસાદે વિરામ લેતા ખેડૂતો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા હતા. કારણ કે પ્રથમ વરસાદમાં ખેડૂતોએ કરેલ વાવેતરને હવે ત્રીજા વરસાદની જરૂરીયાત હતી. રાજ્યના છેલ્લા એક સપ્તાહથી પડી રહેલા ઉકળાટ બાદ હવામાનમાં પલટો આવતા રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે છુટો છવાયો વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી ઉઠવા પામી છે.

ગુજરાત પર ફરીને લો પ્રેશર સિસ્ટમ ઉભી થતા ચોમાસુ સક્રિય થવા પામ્યુંછે. ગત રાત્રીથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં ધીમી ધારે છુટોછવાયો વરસાદ શરૂ થયો હતો અને આજે દિવસ દરમ્યાન પણ વરસાદ ચાલુ રેહવા પામ્યો હતો.

# જિલ્લા કલેકટરો જિલ્લા વિકાસ અધિકારીઓને પુરસ્કાર આપવાની યોજનામાં સુધારો કરાશે

ગાંધીનગર, તા. ૨૪

રાજયના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને સારી કામગીરી બદલ પુરસ્કાર આપવાની રાજય સરકારે અમલમાં મૂકેલી યોજનામાં ફેરફાર કરીને નવી યોજના અમલમાં મુકવાની દિશામાં રાજય સરકારે કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ દ્વારા કરવામાં આવતી સારી કામગીરી બદલ રાજય સરકાર દ્વારા પુરસ્કાર આપવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી. સુધારેલી યોજનાને વર્ષ ૨૦૧૩માં પાંચ વર્ષ પુરા થવા પામ્યા છે.

આ યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થતાં યોજનાની સમીક્ષા કરવાની જરુરીયાત જણાતા રાજય સરકારે મહેસુલ વિભાગના અગ્ર સચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરી હતી. આ સમિતિએ તેને મળેલ સૂચનો અંગેની વિગતો તાજેતરમાં જ મળેલી ઉચ્ચ અધિકારીઓની બેઠકમાં રજુ કરવામાં આવી હતી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ આદિ જાતિ વિકાસ વિભાગના અગ્ર સચિવ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અગ્ર સચિવે ચર્ચામાં ભાગ લેતા એવું મંતવ્ય વ્યકત કર્યુંહતું કે કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને વિકાસ અધિકારીની સારી કામગીરી બદલ પુરસ્કાર આપવા માટે અપાયેલ બાબતમાં હાલના ગુણમાં તેમજ કેટલીક બાબતોને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને અપર્યાપ્ત પ્રાધાન્ય આપવામાં આવેલ છે.

## કંપની સમાચાર

### હિમાલયાઝ પ્યોર સ્કિન ફેશિયલનું અમદાવાદમાં આગમન

ભારતની અગ્રણી અંગત સંભાળ કંપની હિમાલય હર્બલ આજે તેની હિમાલયાઝ પ્યોર સ્કિન ફેશિયલ નામે ઝુંબેશના ભાગરૂપે અમદાવાદમાં વિદ્યાર્થીઓ સાથે વિચારોનું આદાનપ્રદાન કર્યુ હતું. આ ઈન્ટરએક્ટિવ વર્કશોપનો ઉદ્દેશ વધતી ત્વચા સંભાળને પહોંચી વળવા અને ટીનેજરોની ચિંતાઓને પહોંચી વળવા સાથે શુદ્ધ અને અસરકારક ત્વચા સંભાળની તરકીબો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો.

વર્કશોપ દરમિયાન ડૉ. જયશ્રીએ યુવાનો દ્વારા સામનો કરાતી ત્વચા સંભાળની ચિંતાઓ અને ઉત્તમ ત્વચા સંભાળના શાસનનું મહત્વ પણ સમજાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઘણી બધી સ્ત્રીઓ સૂકી ત્વચા, ખીલ વગેરે જેવી વિવિધ ત્વચાની સમસ્યાઓનો સામનો કરે છે. આ સમસ્યાનો ઉપચાર કરવા માટે વિસ્તૃત, રોજબરોજનું ત્વચા સંભાળ શાસન મહત્વપૂર્ણ છે. પ્રત્યેક વ્યક્તિઓ ત્વચાનો પ્રકાર અલગ અલગ હોય છે. આથી ત્વચા કઈ રીતે કામ કરે છે તે સમજવું અને તમારા ત્વચા પ્રકારને અનુરૂપ ત્વચા સંભાળ નિત્યક્રમનું પાલન કરવાનું મહત્વપૂર્ણ છે. આને લીધે પ્રોડકટોની અસરકારકતા વધશે અને ઈચ્છિત પરિણામો હાંસલ કરી શકાશે. અમારી ઝુંબેશ હિમાલયાઝ પ્યોર સ્કિન ફેશિયલ અમારા ગ્રાહકો સાથે પ્રત્યક્ષ સંકળાવાનું મળે અને તેમને તેમની ત્વચા સંભાળ ચિંતાઓને પહોંચી વળવા માટે મંચ આપવા તૈયાર કરાયું છે.

## શબ્દાવલી - ૫૧૫૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | |
| | ■ | ■ | ૫ | ૬ | | | ■ |
| ૭ | ૮ | ■ | ■ | ૯ | | | ૧૦ |
| ૧૧ | | ૧૨ | ■ | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ■ | |
| ૧૭ | ■ | ૧૮ | | | | ■ | ■ |
| ૧૯ | ૨૦ | ■ | | ■ | ૨૧ | ૨૨ | ૨૩ |
| ૨૪ | | | | ■ | ૨૫ | | |

### આડી ચાવી

૧. વાતાવરણ, ... ખાતાનો વર્તારો (૪)
૩. કમી, ખોટ (૩)
૫. અઢળક, પુષ્કળ (૪)
૭. બાણ, શર (૨)
૯. હુંસાતુંસી, રકઝક (૪)
૧૧. પીડા, દુઃખ (૩)
૧૪. સ્કૂટર - સાઈકલ વગેરે... કહેવાય (૩)
૧૮. કાજળવાળી આંખો (૪)
૧૯. ચાકડો (૨)
૨૧. મિત્રતા, દોસ્તી (૩)
૨૪. પક્ષ લેવો (૪)
૨૫. રખડ્યા કરતું હોય તેવું (૩)

### ઊભી ચાવી

૧. વલખા (૪)
૨. આકાશ (૨)
૩. બારણા (૩)
૪. આગતા-સ્વાગતા (૪)
૬. ... કરવી, રચવું તે (૩)
૮. એક રોગ (૩)
૧૦. ઘણાને ચાલુ વાતમાં... મુકવાની ટેવ હોય છે (૩)
૧૨. વ્યર્થ, નકામુ (૩)
૧૫. ઉપહાર, ભેટ (૪)
૧૬. એક ચોપગુ પ્રાણી (૪)
૨૦. ચા નો પ્યાલો (૨)
૨૨. રખ્યા, માટી (૩)
૨૩. તામીલ, ... નાડી (૨)

### શબ્દાવલી ૫૧૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) દાવાનળ (૩) બરખા (૬) દાળ (૭) નાસમજ (૮) પાતરા (૧૦) તલી (૧૧) રીતરીવાજ (૧૩) નવાઈ (૧૭) પરસાળ (૧૮) કસરત (૨૦) નખ (૨૧) જાતક

**ઊભી ચાવી :-** (૧) દાદાગીરી (૨) વાળ (૩) બસ (૪) રમત (૫) ખાજલી (૭) નારાજ (૮) પારીવરીક (૯) તવાઈ (૧૨) તન (૧૪) કારતક (૧૫) કળતર (૧૬) ચયન (૧૭) પરત (૧૯) સજા

## વિક્રમી સપાટીએ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાંથી ૫૨૦૬ વ્યક્તિઓનું સ્થળાંત કરવામાં આવ્યુ છે. એકંદરે દક્ષિણ ગુજરાતના ભરૂચ અને નર્મદામાંથી ૧૦૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અંડર કન્સ્ટ્રકશન નર્મદા બંધની વર્તમાન ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર છે જયરે પાણીની સપાટી ૧૩૦.૬૪ પર પહોંચી છે. મધ્યપ્રદેશમાં ભારે વરસાદના કારણે નર્મદા ડેમમાંથી જંગી પાણી છોડવામાં આવ્યુ છે જેના લીધે ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારો અને ભરૂચ જિલ્લાના ૩૦ ગામોમાંથી લોકોનું સ્થળાંત કરવામાં આવ્યુ છે. નર્મદા ડેમે ૧૩૦ મીટરની ઉંચાઈની સપાટી સર કરતા નવી સ્થિતિ સર્જાઈ છે. ૩૧૦ ગામોને હાઈએલર્ટ કરીને બચાવ ટીમો રવાના કરવામાં આવી છે. નર્મદા નદીના જળસ્તરમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે ભરૂચ અને નર્મદા જિલ્લાઓમાં નવેસરથી પૂરની દહેશત ઊભી થઈ ગઈ છે. મધ્ય પ્રદેશમાં ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થતાં હાલત કફોડી થઈ ગઈ છે. નર્મદા નદીમાં પાણીની સપાટી ગોલ્ડન બ્રિજ નજીક પહોંચી ગઈ છે. અહીં પાણીની સપાટી ૩૨.૫ ફૂટ જેટલી છે જેનાથી ઔદ્યોગિક શહેર અંકલેશ્વરમાં ઓછામાં ઓછી ૨૫ હાઉસીંગ સોસાયટીઓમાં તથા ભરૂચમાં ઘણા નિચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણ સુધીના પાણી ભરાઈ ગયા છે. વહીવટી તંત્ર દ્વારા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા માટે બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હજારો લોકોને પહેલાથી જ સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી ચૂકયા છે. સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ચીફ એન્જીનીયર પીએમ પટેલે કહ્યુંછે કે આશરે ૧૫ લાખ ક્યુસેક પાણી મધ્ય પ્રદેશમાં ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી ચૂક્યું છે. અહીં સરદાર સરોવર બંધમાં પાણીની સપાટી ચિંતાજનક સ્તરે વધી છે. બંધમાં પાણીની સપાટી દર કલાકે ૧૫ સેન્ટીમીટર સુધી વધી રહી છે. સૂત્રોનું કહેવું છે કે ગોલ્ડન બ્રીજ ખાતે નર્મદાની સપાટી ખૂબ જ ઝડપથી વધી રહી છે. આશરે ૧૨ વર્ષના ગાળા બાદ પાણીની સપાટી ૩૫ ફૂટ સુધી પહોંચવાની શક્યતા દેખાઈ રહી છે. ભરૂચ શહેરના વેપારધંધાથી ધમધમતા રહેલા ફૂરજા, દાણાગલી, ગાંધીબજાર સહિતના વિસ્તારોમાં મકાનો અને દુકાનોમાં પાણી પ્રવેશી જતા ૧૦૦૦૦થી વધુ લોકો મકાનોમાં કેદ થઈ ગયા છે.

## ખાજા ખાવાની પરંપરા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભારતીય સંસ્કૃતિ એ પશુ-પક્ષી, વૃક્ષ-વનસ્પતિ સૌની સાથે આત્મીય સંબંધ જોડવાનો પ્રયત્ન કર્યો છે. ગાય, બળદ, કોયલ પૂજન થાય છે. જયારે નાગપાંચમના દિવસે નાગનું પૂજન કરી કુલેર, શ્રીફળ અને દૂધ નાગ દેવતાને પ્રસાદરૂપે ધરાવાય છે. જયારે નાગપાંચમના દિવસે ખાજા ખાવાની પરંપરા હજુ યથાવત છે. અન્ય પ્રદેશની જેમ અહીં પણ ખાજા ખાવાનું વિશેષ મહત્વ છે. જો કે નાગપાંચમે ખાજા ખાવાનું કોઈ ધાર્મિક મહત્વ નથી. શહેરના બજારમાં ચટપટા ખાજા વેચાતા જોવા મળે છે. જેમાં તીખા, ગળ્યા, મોળા અને ખારા ખાજાનું વેચાણ થાય છે. ખાજાની અવનવી વેરાઈટીઝ બનાવવા ચોખ્ખા ઘી, તેલ, મેંદાનો લોટ, ખાંડ તેમજ મરી-મસાલાનો ઉપયોગ થાય છે. બજારમાં કિલોના ૧૮૦ રૂપિયાથી લઈ રૂ. ૪૦૦ સુધી ઘી અને તેલના ખાજાનું વેચાણ થાય છે. શહેરમાં ફરસાણની નાની મોટી ૩૫ દુકાનો પર ખાજાનું વેચાણ થાય છે. શહેરની કેટલીક દુકાનોમાં રાંધેજાથી ખાજાનો માલ સપ્લાય થાય છે. નાગપાંચમ નિમિત્તે શહેરીજનો ૪ હજાર કિલોથી વધુ ખાજા ખાઈ જાય છે. અલબત્ત શહેરમાં ૧૦ લાખ રૂપિયાના ખાજા ખવાઈ જાય છે. નાગપાંચમે ખાજા ખાવાનું ધાર્મિક દ્રષ્ટિએ કોઈ મહત્વ નથી. પરંતુ ખાજાની બોલબાલા વિશેષ હોય છે.

## મીની વેકેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ પોતાના વતન જઈ સાતમ-આઠમની ઉલ્સાસપૂર્વક ઉજવણી કરી શકે તે માટે ઘણી શાળાઓમાં સોમવાર અને મંગળવારની રજા જાહેર કરી દેવામાં આવી છે. તહેવારોની ઉજવણીને અનુલક્ષીને હોસ્ટેલો પણ બંધ રહેશે. છાત્રાલયોમાં રહેતા વિદ્યાર્થીઓ શુક્રવારે સાંજે અને આજે સવારે પોતાના વતન ભણી જવા ઉપડી ગયા છે. તો સૌરાષ્ટ્ર તરફની બસોમાં મુસાફરોની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે.

## ડહોળાશને દૂર કરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલમાં નર્મદા નદીના કેનાલના પાણીમાં વધુમાં વધુ ૧૦૦ થી ૧૨૫ પી.પી.એમ. ટરબીડીટી જોવા મળે છે. રેપીડ સેન્ડ ફિલ્ટરમાં ફટકડીના દ્રાવણથી પાણીમાં રહેલી ડહોળાશ દૂર કરવામાં આવે છે. ચોખ્ખા પીવાના પાણીમાં ડહોળાશ ૫ પી.પી.એમ. સુધી સ્વીકાર્ય છે. જયારે ૨૫ પી.પી.એમ. તો જયાં શુધ્ધિકરણના સાધનો ન હોય ત્યાં એકસેપ્ટેબલ છે. વિકસતા એન્જીનીયરીંગ અને વિજ્ઞાનના સમયમાં આપણે શુદ્ધ પાણી ન આપી શકીએ એ બાબતે પ્લાન્ટમાં આધુનિકતાનો અથવા વિષયના જ્ઞાનનો અભાવ જોવા મળે છે.

ગાંધીનગર શહેરના હયાત પ્લાન્ટમાં રેઈટ સેટર, ફલો મીટર, હેડલોસ મીટર વગેરે ઓટમાઈઝેશન નથી જેથી જે પ્લાન્ટ ઓપરેટરો છે કે જેઓને શુદ્ધિકરણ પ્લાન્ટ કઈ રીતે ચલાવવા તેનું ટેકનીકલ જ્ઞાન ન હોવાને કારણે પણ આવું બની શકે છે.

પાણીની ડહોળાશ જો ફટકડી અને રેપીડ સેન્ડ ફિલ્ટરથી દૂર ન થતી હોઈ તો ફટકડી સાથે પોલી એલ્યુમીનીયમ કલોરાઈડ અથવા ડયુઅલ ફિલ્ટર મિડિયાનો ઉપયોગ કરીને કાયમી ધોરણે ડહોળાશનો પ્રશ્ન દૂર કરવો જોઈએ.

ટચૂકડી જાહેર ખબર

**ફ્લેટ વેચવાનો છે**

સિટી પ્લસ, રાંદેસણ રોડ, સ્વામિનારાયણ પ્રેસીડન્સી બ્લોક નં. સી/૧૦૪, પ્રથમ માળે, ત્રણ રૂમ, હોલ, કિચનનો, ૧૫૧ ચો.મી.નો ફ્લેટ તાત્કાલીક વેચવાનો છે.

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
ADITYA BIRLA GROUP
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ